## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




એમ કાંઈ સી પ્લેન ઊડાડવાથી પાણી ન આવે...
એ તો પાણી હોય તો સી પ્લેન ઊડે... શું સમજ્યા...

# શહેરમાં ગરમીનો પારો ઉંચકાયો

### રાત્રીના તાપમાનમાં ૧.૫ ડિ.સે.નો વધારો : શહેરમાં મહત્તમ તાપમાન ૩૫.૫ સે. તથા લઘુત્તમ તાપમાન ૧૮ સે. રહ્યુ

ગાંધીનગર, તા. ૨૭

શહેરમાં છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાનમાં ક્રમશઃ વધારો જોવા મળી રહ્યો છે. ગાંધીનગરના રાત્રીના તાપમાનમાં ૧.૫ ડિ.સે.નો વધારા સાથે મહત્તમ તાપમાન ૩૫.૫ ડિ.સે. તથા લઘુત્તમ તાપમાન ૧૮ ડિ.સે. રહ્યું હતું. આ ઉપરાંત ભેજનું પ્રમાણ સવારે ૪૫ ટકા અને સાંજે ૨૪ ટકા રહ્યું હતું.

શહેરમાં ધીરે ધીરે ઉનાળો આકરો થવાની શરૂઆત થઈ ચુકી છે. દિવસ દરમિયાન ગરમીનો પારો ૩૫ ડિ.સે. સુધી પહોંચી જાય છે. તેમજ ગઈરાતે ૧૮ ડિ.સે. તાપમાન રહેવા પામ્યું હતું. ઉનાળામાં સૂર્યના આકરા તાપથી બચવા માટે નાગરિકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે. આ ઉપરાંત છાશ તથા ઠંડા પીણાનું સેવન પણ નાગરિકો દ્વારા કરવામાં આવી રહ્યું છે. વસંમતઋતુના આગમન સાથે જ ગરમીનું સામ્રાજ્ય પણ ધીરે ધીરે પ્રસરવા લાગ્યું છે. શહેરમાં ડબલ ઋતુને કારણે વાઈરલ ફીવરમાં થયેલો વધારો હવે ધીરે ધીરે શમતો જાય છે.

ઉનાળાની શરૂઆતને પગલે શહેરમાં ઠેર ઠેર શેરડીનો રસ તથા લીંબુ શરબતનું વેચાણ થઈ રહ્યું છે. નાગરિકો દિવસ દરમિયાન ઘરમાં જ રહેવાનું પસંદ કરે છે. આ ઉપરાંત, મોડી સાંજ તથા રાત્રે નાગરિકો ટહેલતા જોવા મળે છે.






## સાંદીપનિ ગુરુકુળ વિદ્યાલયનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સોલંકીપુરા પાસે આવેલ સાંદીપનિ ગુરુકુળ વિદ્યાલય ખાતે તાજેતરમાં પ્રથમ વાર્ષિકોત્સવ સાંદિપની થનગનાટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં અભ્યાસ કરતા બાળકોએ વાર્ષિકોત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ ગીત-સંગીત તેમજ સમાજના વિવિધ પ્રશ્નોને સ્પર્શતા સુંદર નાટક રજુ કર્યા હતા. સાંદિપની ગુરુકુળ વિદ્યાલય ખાતે આયોજીત વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં મહેમાન તરીકે ભરતદાન ગઢવી (ઈઆઈ ગાંધીનગર જિલ્લો), ડો. હર્ષદ જોષી (પ્રો.સીટી સી.યુ.શાહ કોલેજ) સંજયભાઈ રાવલ (આચાર્ય સંઘ ઉપપ્રમુખ ગાંધીનગર જિલ્લા), ઈશાનભાઈ ખત્રી (આચાર્ય એસ.સી.પી.આઈ.સી.કોલેજ દહેગામ) ધીરજભાઈ પ્રજાપતિ (પ્રિન્સીપાલ મ્યુનિસિપલ બોપલ હાઈસ્કુલ દહેગામ) ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું. શાળા પરિવાર દ્વારા મહેમાનોનું ફુલ હારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.જયારે દિપ પ્રાગટય કરીને મહેમાનોએ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. બાળકોને પ્રોત્સાહનરુપી પ્રવચન મહેમાનોએ આપ્યું હતું. કાર્યક્રમમાં બાળકોએ પ્રાર્થના, સ્વાગતગીત, ગણેશવંદના, વિવિધ ફિલ્મી ગીતો પર ડાન્સ તેમજ સામાજીક જીવનને સ્પર્શતી બાબતો અંગેના નાટકો જેવા કે બેટી બચાવો, આંતકવાદ કે ખિલાફ લડાઈ, કોલેજની ભવાઈ, વગેરે તેમજ ગુજરાતી નૃત્ય, રાજસ્થાની નૃત્ય, પંજાબી નૃત્ય, મરાઠી નૃત્ય, શાસ્ત્રીય સંગીત પર નૃત્યની અદ્‌ભુત રજુઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં મોટીસંખ્યામાં વાલીઓ તેમજ બાળકો હાજર રહ્યા હતા.

# ગાંધીનગરમાં ૯૩૯ યુવાઓને ૬ કરોડની સહાય વિતરણ કરતા મુખ્યમંત્રી

## ઠાકોર-કોળી વિકાસ નિગમના ઉપક્રમે યોજાયો ગૌરવશાળી સમારોહ

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે ગુજરાતમાં પછાત, વંચિત, શોષિત, પીડિત હરેક સમાજવર્ગોની આર્થિક-સામાજીક ઉન્નતિ માટે સરકારે બજેટમાં ૩૬૪૧ કરોડ રૂપિયાની માતબર ફાળવણી કરી છે. ‘‘સબ સમાજ કો લિયે સાથ મેં, આગે હૈ બઢતે જાના’’ એ આ સરકારની નેમ છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં ગુજરાત ઠાકોર-કોળી વિકાસ નિગમના ઉપક્રમે યોજાયેલા સમારોહમાં ૯૩૯ લાભાર્થીઓને ૬ કરોડ રૂપિયાની વિવિધ સહાયનું વિતરણ કર્યુ હતું.

મુખ્યમંત્રીએ ધર્મ-જાતિ-કોમવાદથી દૂર રહી રાષ્ટ્રવાદ-સમાજ ઉન્નતિના માર્ગે આ લોન-સહાય યુવા વર્ગો માટે નવી દિશા આપનારી બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, હવેનો સમય વિશ્વ સાથે કદમ મિલાવી પ્રગતિ વિકાસની તેજ રફતારનો છે ત્યારે, સમાજના વંચિત વર્ગોની યુવાશકિત પણ તેની સાથે બરોબરી કરી શકે તેવી સક્ષમ બનાવવા સરકારે વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

તેમણે ઉમેર્યુ કે, શિક્ષણ જ વિકાસનો આધાર છે તેથી સૌ સમાજ વર્ગોમાં શિક્ષણનો વ્યાપ વિસ્તારવા રાજ્ય સરકારે સમરસ છાત્રાલયો, તાલુકે-તાલુકે વિજ્ઞાનપ્રવાહ સહિતની શાળાઓ, તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસ સ્કોલરશીપ અને શિષ્યવૃતિ સહાય આપીને ‘ચલો જલાયે દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ’નો ભાવ સેવ્યો છે.



મુખ્યમંત્રીએ કહ્યું કે, આ સરકાર યુવાશકિતના કૌશલ્ય વિકાસથી-સ્કીલ ડેવલપમેન્ટથી રોજગાર અવસર આપવા પ્રતિબધ્ધ છે.

રાજ્યમંત્રી વાસણભાઈ આહિરે પછાત વર્ગોના કલ્યાણ માટે સરકારની સંવેદનશીલતાનો પ્રતિઘોષ પ્રાસંગીક સંબોધનમાં વ્યકત કર્યો હતો.

શ્રમ-રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર, રાજ્યમંત્રીઓ ઈશ્વરસિંહ પટેલ, બચુભાઈ ખાબડ, પરસોત્તમ સોલંકી તેમજ ધારાસભ્યો, નિગમના ડિરેકટરો, ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ અને વિશાળ સંખ્યામાં લાભાર્થી પરિવારો આ વેળાએ ઉપસ્થિત હતા. નિગમના અધ્યક્ષ નંદાજી ઠાકોરે સૌનું સ્વાગત કર્યુ હતું. મેનેજિંગ ડિરેકટર જશવંત ગાંધીએ સમારોહનું સંચાલન કર્યુ હતું.

# નશાના બંધાણીઓ હવે ‘કીક’ માટે કફ સીરપના રવાડે...!

### મોંઘાદાટ થઈ ગયેલા દારુ ખરીદી ન શકતા નશાખોરો સહેલાઈથી અને ખુબ જ સસ્તી મળી રહેતી કફ સીરપ ગટગટાવી જાય છે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાં નશાખોરો કફ સીરપ ના રવાડે ચડી ગયા હોય તેમ લાગી રહ્યું છે. ડી માર્ટની સામેની બાજુએથી પ્રવેશ મેળવતા જ દિવાલ પાસે થોડા થોડા અંતરે ઢગલો કફ સીરપની ખાલી બોટલ નજરે પડે છે. ત્યારે જીઆઈડીસી વિસ્તારમાં આવતા કારીગરો આ નશાના રવાડે ચડ્યા છે કે અન્ય કોઈ વ્યકિત આવીને આ સ્થળ પર નશો કરે છે તે તપાસનો વિષય છે. પરંતુ નશો નોતરે નાશ તે દવાનો હોય કે પછી દારુનો...



ગાંધીનગર શહેરમાં નશાના બંધાણીઓ રખડતા નજરે પડે છે. દારુની લતે ચડેલા નશાખોરોને દારુ ના મળતા બેબાકળા બની જાય છે. ત્યારે દારુ મોંઘોદાટ બનતા નશાખોરોએ નવો રસ્તો અપનાવી લીધો છે. ફીનેરેક્સ નામની કફ સીરપ ગટગટાવી જાય છે. આ કફ સીરપ અંદાજે રૂ.૧૦૦ની આસપાસની આવે છે અને નશાખોરોને સરળતાથી મળી પણ રહે છે. આ કફ સીરપ ગટગટાવ્યા બાદ નશા કરતી વ્યકિતને નશો થતો હોય છે. ઉલ્લેખનીય છે કે સામાન્ય સંજોગોમાં તો દવા ડોકટરના પ્રિસ્પીકશન વિના મળતી નથી, પરંતુ નશાખોરો ને કફ સીરપની જોઈએ તેટલી અને જોઈએ ત્યારે કફ સીરપની દવા સરળતાથી મળી રહે છે ત્યારે દવાની દુકાન ધારકો સામે પણ પ્રશ્નાર્થ ઉભો થવા પામે છે. આ કફ સીપર એન્ટી એલરજીક અને ડ્રાય કફ થયો હોય તેવા દર્દીઓને આપવામાં આવે છે. જેથી તેને કફમાં રાહત મળે છે. ત્યારે નશાખોરોએ આ દવાનો ઉપયોગ નશા માટે કરી દીધો છે.

ડી માર્ટની સામેના જીઆઈડીસીના પ્રવેશ દ્વારમાં પ્રવેશ કરો કે તેમને થોડા થોડા અંતરે દિવાલને અડીને નિર્જન જગ્યાએ આવી ખાલી કફસીરપની ખાલી બોટલીઓ નજરે પડશે. ત્યારે શહેરના નશાખોરો પહેલા કોરેક્ષ નામની કફ સીરપ પીને નશાનો આનંદ ઉઠાવતા હતા. પરંતુ તંત્ર દ્વારા તેના પર કડક અમલવારી થતા આ નવી કફ સીરપ નશાખોરોએ શોધી કાઢી હોય તેવું લાગી રહ્યું છે.

# પીડીપીયુ દ્વારા આયોજિત પેટ્રોકપ-૨૦૧૮માં એલડીઆરપી આઈટીઆરની ટીમ વિજેતા

ગાંધીનગર, તા.૨૭

પંડત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી દ્વારા આયોજિત પેટ્રોકપ ૨૦૧૮માં એલ.ડી. આર.પી. આઈ. ટી. આર.ની ફૂટબોલ ભાઈઓની ટીમે ફાઈનલમાં નિરમાને હરાવીને જીત હાંસલ કરી હતી.

પીડીપીયુ દ્વારા પેટ્રોકપ ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પેટ્રોકપની ફૂટબોલ ફાઈનલમાં એલડીઆરપીના વિદ્યાર્થીઓએ પેનલ્ટીમાં નિરમાને ૪-૧થી હરાવીને વિજય મેળવ્યો હતો. પેન્લટીમાં હર્ષદ, સાહીલ, સાવન, મોહિત તથા ધ્રુવે ગોલ કર્યા હતા. આ ઉપરાંત સેમીફાઈનલમાં પણ એલડીઆરપી એ પીડીપીયુને ૫-૪થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. એલડીઆરપી ફૂટબોલ ટીમના ખેલાડીઓને કોલેજના આચાર્ય ડો. ગાર્ગી રાજપરા અને ફિઝિકલ એજયુકેશનના ડાયરેકટર લેફ. નોરીન વૈયનાએ અભિનંદન પાઠવ્યા હતા.




## સાયન્સ સીટી ખાતે ૧૨૬.૬૨ કરોડના ખર્ચે રોબોટીક ગેલેરી

સાયન્સ સીટી અમદાવાદ ખાતે અત્યાધુનિક રોબોટીક ગેલેરીનું નિર્માણ કાર્ય પુરજોશમાં શરૂ કરાયુ છે. આજે વિધાનસભામાં વિજાપુરના ધારાસભ્ય રમણભાઈ પટેલ દ્વારા પૂછવામાં આવેલા લેખિત પ્રશ્નના પ્રત્યુત્તરમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું કે, દેશ-વિદેશમાં નામના પામનાર સાયન્સ સીટી ખાતે હાલમાં અત્યાધુનિક રોબોટીક ગેલેરીનું કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. આ ગેલેરીના બાંધકામ અને પાંચ વર્ષના ઓપરેશન મેન્ટેનન્સ સપોર્ટ માટે રૂા. ૧૨૬.૬૨ કરોડનો ખર્ચ કરાશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

## પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા, ગાંધીનગર

C/o. ખેડૂત તાલીમ કેન્દ્ર, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૦૭૯-૨૩૨૪૩૮૫૩

આ કચેરીના નાણાંકીય હિસાબોનું વર્ષ ૨૦૧૭-૧૮નું ઈન્ટરનલ ઓડીટ તથા સ્ટેચ્યુટરી ઓડીટ (આશરે ૧ કરોડનું ટર્નઓવર) કરવા માટે અલગ અલગ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મએ પાનકાર્ડ, રજીસ્ટ્રેશન તેમજ આત્મા પ્રોજેક્ટમાં કરેલ કામગીરીના આધારો સહિત રજીસ્ટર પોસ્ટથી જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭માં (જાહેર રજા સાથે) કચેરીએ મળી રહે તે રીતે મોકલી આપવા તેમજ જરૂર જણાય તો વધુ માહિતી માટે કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

**પ્રોજેક્ટ ડાયરેક્ટર,**
**આત્મા, ગાંધીનગર**



ગાંધીનગર તાલુકાના લવારપુર ખાતે ગિફટસીટીમાં અઢી કલાકનો ડૉ. રાજીવ દિક્ષિત પ્રેરિત જીવનશૈલી વિશેનો લવારપુર ગામના ૧૯૦ સિનિયર સીટીજન પાટીદાર સમાજના ગ્રુપ તથા રમણભાઈ એનઆરઆઈ ટીમમાં ગ્રીન ટી આયુર્વેદીક વૃક્ષ વાવીને આહાર એ જ ઔષધને પોતે જ પોતાના ડૉક્ટર બનો તે વિષય પર વિશિષ્ટ પ્રવચન કાર્યક્રમ યોજાયો હતો.

## ગાંધીનગરમાં મૂન લાઈટ્સ પ્રોજેક્ટ અંતર્ગત પૂનમ અને એકમે ૯ થી ૧૨ સ્ટ્રીટ લાઈટ્સ બંધ રહેશે

ગાંધીનગર, તા. ૨૭

આગામી હોળી અને ધૂળેટીના દિવસે રાત્રે ૯ થી ૧૨ દરમ્યાન મૂન લાઈટ્સ પ્રોજેક્ટસ અંતર્ગત શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રાખવામાં આવશે.

મૂન લાઈટ્સ પ્રોજેક્ટ્સને લઈ આજે એક ખાસ બેઠક સચિવશ્રી જે.પી. ગુપ્તાના અધ્યક્ષસ્થાને મળી હતી.

મળતી વિગતો પ્રમાણે હોળીના દિવસે રાત્રે સેન્ટ્રલ વિષ્ટામાં હોળીના ગીતોનું આયોજન પણ કરવામાં આ બેઠકમાં કરવામાં આવ્યુ છે. રાત્રે ૯ થી ૧૧ સુધી સેન્ટ્રલ વિષ્ટામાં હોલી ગીતોનું ગાન થશે.

પૂનમની રાત્રિને સંગીતમય બનાવવાની સાથે સાથે લોકોમાં કુદરત પ્રતિ પ્રેમ વધે તે હેતુસર આ આયોજન કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે. ગત વર્ષે પણ ગાંધીનગર શહેરમાં આ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા આ મૂન લાઈટ્સ પ્રોજેક્ટસને લઈ તૈયારીઓ આજથી શરૂ કરી દેવામાં આવી છે. ૧લી માર્ચના રોજ હોળી છે અને ૨જી માર્ચના રોજ ધૂળેટી છે.

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત બસ્કાદાંતિ જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૭૧૫/૮૭૫ મીટર લેબરકામ (આંગણવાડી ફળી) | ૪૫૮૯૪૯૫૯૭ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૨૮૫/૬૫૫ મીટર લેબરકામ (નવી ફળી) | ૩૬૯૨૪૬.૪૨ |
| ૩. | ઘર જોડાણ ૪૯ નંગ | ૪૯૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી બસ્કાદાંતિ જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**બસ્કાદાંતિ જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત કુડોલ જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૪૫૦/૪૭૦ મીટર લેબરકામ (હરીજન વાસ) | ૪૦૮૬૬૫.૦૮ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૨૫૦/૫૮૦ મીટર લેબરકામ (મતાધર ફળી) | ૪૦૦૦૫૦.૩૭ |
| ૩. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૩૦૦/૫૨૦ મીટર લેબરકામ (મુખી ફળી) | ૩૯૪૩૨૯.૮૩ |
| ૪. | ઘર જોડાણ ૧૭૬ નંગ | ૧૭૬૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી કુડોલ જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**કુડોલ જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત બેલ્યો જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૨૬૦/૬૧૦ મીટર લેબરકામ (વણઝારા ફળી) | ૩૫૮૦૫૩.૩૨ |
| ૨. | ઘર જોડાણ ૧૮૦ નંગ | ૧૮૦૦૦૦.૦૦ |
| ૩. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૨૪૫/૬૩૫ મીટર લેબરકામ (નીશાળ ફળી) | ૩૫૭૦૨૨.૩૧ |
| ૪. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૦૫૦/૪૪૫ મીટર લેબરકામ (માળીવાડ ફળી) | ૩૨૭૫૨૩.૪૪ |
| ૫. | ૨૦૦૦૦ લી ક્ષમતાની જમીનતળની ટાંકી | ૨૯૨૩૦૫.૬૧ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી બેલ્યો જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**બેલ્યો જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત કંટાળુ જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૮૦૦/૬૩૦ મીટર લેબરકામ (અસારી ફળી) | ૩૩૪૫૦૩.૫૬ |
| ૨. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૫૨૦/૫૮૦ મીટર લેબરકામ (મહાદેવ ફળી) | ૨૯૩૦૭૩.૫૯ |
| ૩. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૬૪૦/૪૨૦ મીટર લેબરકામ (રીટા ડુંગરી ફળી) | ૨૯૬૦૯૪.૩૮ |
| ૪. | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૪૩૦/૬૪૦ મીટર લેબરકામ (રોત ફળી) | ૨૮૮૦૩૮.૩૫ |
| ૫. | ઘર જોડાણ ૧૮૦ નંગ | ૧૮૦૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી કંટાળુ જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**કંટાળુ જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**